ગાંધીનગર સમાચાર



@ગાંધીનગર

● તાવરિયાજી ગૃપ દ્વારા સવારના ૮.૦૦ થી ૯.૦૦ કલાક દરમિયાન સે-૧૨, બલરામ મંદિર ખાતે લયબધ્ધ શ્વસન દ્વારા સંપૂર્ણ સ્વાસ્થ્યનો નિઃશુલ્કપણે કાર્યક્રમ યોજાશે.

## સે-૫-બી ખાતે ભવ્ય નવરાત્રી મહોત્સવનું આયોજન

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર સે-૫બી ખાતે મહાકાલી માતાજીના મંદિરે શેરી ગરબાનું નવરાત્રી મહોત્સવ સમિતિ દ્વારા છેલ્લા બે વર્ષથી આયોજન કરવામાં આવે છે. આ વર્ષે નવરાત્રી મહોત્સવના પ્રમુખ-શ્રી પ્રેમલસિંહ પી. ગોલ, ઉપપ્રમુખ શ્રી ઘનશ્યામસિંહ ચૌહાણ, શ્રી ભાવેશભાઈ બારોટ, શ્રી રમેશભાઈ રાવળ, ખજાનચી-શ્રી શિતલભાઈ છાયા અને શ્રી પ્રદિપસિંહ વાઢેર સહિત અન્ય હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવેલ છે. નવરાત્રીના પ્રથમ નોરતાની શુભ શરૂઆત ગાંધીનગર ખાતેના મહાનુભાવોની હાજરીમાં ઉદઘાટન કરવામાં આવશે. જે સમયે સે-૫ મહાકાલી માતાજી મંદિરના સમિતિ સભ્યશ્રીઓ, સે-૫-બી વેપારી મહમંડળના હોદ્દેદારો ઉપરાંત સે-૫-બીના તમામ વસાહતીઓ દ્વારા ઉપસ્થિત રહીને નવરાત્રીના શેરી ગરબાની આનંદભેર ઉજવણી કરવામાં આવશે. જે પ્રસંગે ગાંધીનગરના રહીશો, અગ્રણીઓ તેમજ નગરપાલિકાના કોર્પોરેટરોને પોતાની અનુકુળતા મુજબ લાભ લેવા માટે સમિતિના સભ્યશ્રી ચીમનભાઈ એમ. રાજગોરે અખબારી યાદીમાં જણાવ્યું છે.

## જે.એમ. ચૌધરી પ્રાથમિક વિદ્યાલય કબડ્ડીની સ્પર્ધામાં રાજય કક્ષાએ

ખેલ મહાકુંભ અંતર્ગત જિલ્લા કક્ષાની અન્ડર-૧૪ કબડ્ડી સ્પર્ધાનું આયોજન તા. ૨૮મી સપ્ટેમ્બર ૨૦૧૬ના રોજ સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા ગ્રાઉન્ડ, સે-૧૫ ખાતે કરવામાં આવ્યું હતું.

આ સ્પર્ધામાં સે-૭ની શ્રી જે.એમ.ચૌધરી પ્રાથમિક વિદ્યાલયની વિદ્યાર્થીનીઓએ ભાગ લઈને વિજેતા પદ પ્રાપ્ત કર્યું હતું. આ વિદ્યાર્થીનીઓ હવે રાજયકક્ષાએ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે.

આ વિજેતા ટીમમાં ચૌધરી હિમાની એ., ચૌધરી હિતિષા પી., ચૌધરી નિશા સી., ચૌધરી મંજુ સી., ચૌધરી શિલ્પા વી, ચૌધરી રોશની એસ., ચૌધરી ચંદ્રિકા એચ., ચૌધરી નિધિ ટી., ચૌધરી યામિની આર., ચૌધરી જયોતિ ડી., ચૌધરી ભારતી વી., ચૌધરી રિંકલ આર. સામેલ હતાં. આ તમામ વિદ્યાર્થીનીઓને વિદ્યાલયના આચાર્ય મીનાબેન ચૌધરી તથા વ્યાયામ શિક્ષક અંજનાબેન ચૌધરીએ બિરદાવી શુભેચ્છાઓ પાઠવી છે.

# નવરાત્રીની તૈયારીઓ પુર્ણતાના આરે

## ઉપાસકો, આયોજકો અને ખેલૈયાઓ ઉત્સાહી થઈ દોડધામમાં વ્યસ્ત : મંદિરો, નવરાત્રી ચોક તથા આયોજન સ્થળો સજી-ધજીને સજ્જ બન્યા : પોલીસ પણ પ્રસંગ અનુરૂપ સર્તકતા પર

ગાંધીનગર, તા.૨૯

જગત જનની જગદંબાના ઓવારણા લેવાનું શકિત અને ભકિતનું મહાન પર્વ નવરાત્રીના આડે ફકત એક દિવસ બચ્યો છે ત્યારે તે અંગેની તમામ તૈયારીઓ હવે પુર્ણતાના આરે પહોંચી ગઈ છે. દેવી શકિતના આ આનંદ-ઉલ્લાસના આ પર્વ માટે ઉપાસકો, આયોજકો અને ગરબે ઘુમનાર ખેલૈયાઓ ઉત્સાહી થઈ તૈયારીની દોડધામમાં વ્યસ્ત બન્યા છે. માતાજીના મંદિરોની સાફ સફાઈ કરી રોશનીથી ઝળહળીત કરી દેવાયા છે તો નવરાત્રી ચોક તથા આયોજન સ્થળો પણ તમામ સુવિધાઓથી સજીધજીને સજ્જ બની ગયા છે. ગુજરાતનું અતિ લોકપ્રિય આ પર્વ શાંતિ અને સલામતીના વાતાવરણમાં યોજાય તે માટે પોલીસ પણ સતર્ક બની ગઈ છે.

રૂમઝુમ કરતી નવરાત્રી હવે દ્વારે આવી પહોંચી છે ત્યારે તેને ફુલડે બિછાવી વધાવવા સૌ કોઈએ તડામાર તૈયારીઓ સાથે આખરી ઓપ આપી દીધો છે. જગત જનનીમાં આદ્યશકિતના આ મહાન પર્વમાં ભકિતનું પણ ખુબ જ મહત્વ રહ્યું છે જેથી ઉપાસકો દ્વારા ઘરમાં



સાફસફાઈ સાથે રંગ રોગાન કરાવી મંદિરને પણ રળીયામણું બનાવી દઈ માતાજીની ભકિતમાં કચાશ ન રહે તેવી વ્યવસ્થામાં પડી ગયા છે. માતાજીના અનુષ્ઠાન, હોમ-હવન તથા પૂજા અર્ચના માટે ઉપાસકો દ્વારા પૂજા સામગ્રી માતાજીનો શણગાર તથા જરૂરી તમામ ચીજવસ્તુઓની ખરીદીમાં ગળાડુબ બન્યા છે તો આયોજકો દ્વારા દર વર્ષની જેમ થતાં નવરાત્રીના આયોજન મુજબ ખેલૈયાઓ મનભરીને ગરબે ઘુમી શકે તેવા સુચારૂ આયોજનને પૂર્ણતા તરફ લઈ જઈ રહ્યા છે.

પરંપરા અનુસાર શેરીઓમાં, સોસાયટીઓમાં કે પછી નિવાસસ્થાનો નજીક થતી નવરાત્રી માટે આયોજકોએ માંડવડી, સાઉન્ડ સિસ્ટમ તથા રોશનીનો ઝગમગાટ કરી દીધો છે. તો યુવાધન કે જે ગરબે ઘુમવા થનગની રહ્યું છે તેઓ પણ ટ્રેડીશનલ ડ્રેસ, આભુષણ તથા દાંડિયા વગેરેની વ્યવસ્થામાં જોતરાઈ ગયા છે. નવરાત્રીની તૈયારીઓ સંપુર્ણ પણે આખરી તબક્કામાં છે ત્યારે ચોતરફ તેની તૈયારીઓ થતી દેખાઈ રહી છે. માતાજીનું આ ભકિત પર્વ હર્ષોલ્લાસ સાથે રંગેચંગે ઉજવાય અને માતાજી સૌનું કલ્યાણ કરે તેવી માતાજીને પ્રાર્થના...

## પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં ગુજરાતી વ્યાકરણના સર્ટીફીકેટ કોર્સનું આયોજન

ગાંધીનગર, તા.૨૯

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં 'સ્વયમ્ ગ્રુપ' અંતર્ગત તા. ૧૪-૯-૨૦૧૬થી



૨૨-૯-૨૦૧૬ દરમિયાન ગુજરાતી વ્યાકરણ માટેના સર્ટીફીકેટ કોર્સનું ગુજરાતી વિભાગ દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાત્મક પરીક્ષામાં જરૂરી એવા વિષયો જેવા કે જોડણીના નિયમો, સમાનાર્થી-વિરુદ્ધાર્થી શબ્દ, રૂઢિપ્રયોગ-કહેવત, વિશેષણ, સંયોજક, વાકયના પ્રયોગો, અનુગ-નામયોગી, વિભકિતના પ્રત્યયો, લિંગ વ્યવસ્થા અને છંદ-અલંકાર જેવા વિષયો પર વિદ્યાર્થીનીઓને માહિતી પુરી પાડવામાં આવી હતી. આ કોર્સમાં કુલ ૧૫૫ વિદ્યાર્થીનીઓએ ભાગ લઈ માહિતી મેળવી હતી. સપ્તાહ દરમિયાન ડૉ.લીના સ્વાદિયાએ તજજ્ઞ તરીકે સેવા આપી હતી. પ્રિ. ડૉ. ઉર્મિલાબેન ચૌધરીએ માર્ગદર્શન આપ્યું હતું. સ્વયમ્‌ના કોઓર્ડિનેટર પ્રા.પ્રતિમા છનિયારા અને ગુજરાતી વિભાગના પ્રા. મુન્નાબેન ચૌધરી વિદ્યાર્થીનીઓને પ્રોત્સાહન આપવા ઉપસ્થિત રહ્યા હતા.

## અશ્વિનભાઈ પટેલ કોમર્સ કોલેજની ત્રણ વિદ્યાર્થીનીઓને રાજયકક્ષાનો એવોર્ડ

ગાંધીનગર, તા.૨૯

એસ.પી. યુનિ.ના યજમાન પદે યોજાયેલ રાજયકક્ષાના એન.એસ.એસ. ડેની ઉજવણી અને રાજય પુરસ્કાર એવોર્ડ વિતરણ સમારંભ યોજાયો હતો. તેમાં કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંચાલિત અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજના એન.એસ.એસ. યુનિટની ચાર વિદ્યાર્થીનીઓ અંજલી પટેલ અને કાજલ વૈષ્ણવને ૨૦૧૫-૧૬ અને ૨૦૧૪-૧૫ના વર્ષની ગાયત્રી પંચાલ અને સણોલ શ્વેતાને 'બેસ્ટ વોલન્ટીયર'નો રાજયકક્ષાનો એવોર્ડ એસ.પી. યુનિ.ના કુલપતિ શ્રી શિરીષભાઈ કુલકર્ણીના વરદ હસ્તે અને એનએસએસના ગુજરાતના ડાયરેકટરશ્રી કમલકુમાર કર, ગુજરાત સરકારનાં એસ.એલ.ઓ. શ્રી આર.કે. પટેલની ઉપસ્થિતિમાં એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

તેમને સંપૂર્ણ માર્ગદર્શન કોલેજના પ્રોગ્રામ ઓફીસર ડૉ. રણછોડ રથવીએ આપ્યું હતું. અંજલી પટેલ, કાજલ




વૈષ્ણવ, ગાયત્રી પંચાલ અને સણોલ શ્વેતાએ છેલ્લા ત્રણ વર્ષથી કોલેજના એન.એસ.એસ. યુનિટમાં સક્રિય રહીને વિવિધ પ્રવૃત્તિઓ કરવા બદલ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. સ્વચ્છતા, સાક્ષરતા, હેલ્થ અવેરનેસ, વ્યસનમુકિત, બેટી બચાવો-બેટી પઢાવો, વૃક્ષારોપણ, બ્લડ ડોનેશન, સાત દિવસીય ત્રણ કેમ્પ સોલૈયામાં, પ્રીઆરડી કેમ્પ, આરડી કેમ્પ (દિલ્હી), એસ.આર.ડી. કેમ્પ, વગેરે અનેકવિધ કાર્યક્રમમાં ઈન્ટરનેશનલ યુથ કેમ્પ 'ચીન'માં અંજલી પટેલે ભાગ લીધો હતો. અનેકવિધ સામાજિક કાર્યોમાં અગ્રેસર રહી કાર્યો કરવા બદલ આ રાજયકક્ષાનો એન.એસ.એસ. એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે. સમગ્ર ગુજરાતમાંથી ફકત ચાર સ્વયંસેવકને આ એવોર્ડ આપવામાં આવે છે. તેમાંથી છેલ્લા બે વર્ષમાં ચારમાંથી બે બે વિદ્યાર્થીનીઓ અશ્વિનભાઈ પટેલ કોમર્સ કોલેજની હોવાથી સમગ્ર ગાંધીનગર અને કડી યુનિ. અને અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજનું ગૌરવ વધાર્યું છે. અંજલી પટેલને, કાજલ વૈષ્ણવને, ગાયત્રી પંચાલ અને સણોલ શ્વેતાને યુનિ.ના પ્રેસીડન્ટ વલ્લભભાઈ પટેલ, યુનિ.ના કુલપતિ ડી.ટી. કાપડિયા સાહેબ, યુનિ.ના એનએસએસના પ્રોગ્રામ કોર્ડીનેટર, ડૉ. રણછોડ રથવીએ અને કોલેજના પ્રિન્સિપાલ ડૉ. વિજ્ઞા ઓઝાએ અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી હતી.

વાતવાતમાં

● શહેરમાં આજે દેશના જાણીતા ઉદ્યોગપતિ આદિત્ય બિરલા પધાર્યા હતા. ગાંધીનગરના સુમનટાવર ખાતે આદિત્ય બિરલા ગૃપની કંપની આઈડિયા સેલ્યુલરના મુખ્ય કાર્યાલયની તેઓ મુલાકાતે આવ્યા હતા.

● શુક્રવારથી શહેરની કેટલીક પ્રાથમિક શાળાઓમાં પરીક્ષાઓ પૂર્ણ થઈ રહી હોવાથી વિદ્યાર્થીઓમાં નવરાત્રિની તૈયારી કરવાનો આનંદ વર્તાઈ રહ્યો છે. લગભગ ત્રીજા નોરતે તમામ શાળાઓમાં પરીક્ષાઓ પૂર્ણ થઈ જશે.

● સમી સાંજે શહેરના ઘ-૭ પ્રેસ સર્કલ પર એક સ્કૂટર પર સવાર બે યુવતિઓને અકસ્માત નડતા તેમણે પહેલા ૧૦૮ને અને પછી સ્કૂટર ચાલક યુવતિના પિતાને ફોન કરી જાણ કરી હતી. થોડીવારમાં યુવતિના પિતા કાર લઈને આવી પહોંચતા યુવતિઓ તો તેમાં રવાના થઈ ગયા બાદ એક નહી પરંતુ બબ્બે ૧૦૮ એમ્બ્યુલન્સ આવી પહોંચી હતી પરંતુ બંનેને ખાલી પાછા જવું પડયું હતું.

● ઉરીમાં થયેલા ત્રાસવાદી હુમલાના પગલે ભારતે પીઓકે પર વળતો પ્રહાર કર્યાના સમાચાર વાયુવેગે દેશભરમાં ફરી વળ્યા હતા. આ સમાચારની સાથે જ શહેરમાં નવરાત્રિના આયોજકો તથા ખેલૈયાઓ યુધ્ધની પરિસ્થિતિની કલ્પના કરી ચિંતામાં ગરકાવ થયા હતા. જયારે કેટલાકે ભલે એકાદ નવરાત્રિ ના ઉજવાય પરંતુ ભારતે પાછીપાની કરવી ના જ જોઈએ તેવો મત વ્યકત કર્યો હતો.

## ભાજપના કાર્યાલયના દરવાજા પાસેથી ચશ્મેશાહી કોબ્રા ઝડપાયો

ગાંધીનગર તા ૨૯

કોબા સ્થિત ભાજપના પ્રદેશ કાર્યાલયના દરવાજા પાસેથી આજે સાંજે ચશ્મેશાહી કોબ્રા પકડાયો હતો. પ્રદેશ ભાજપના કાર્યાલયમાં સાપે દેખા દીધી હોવાનો આ બીજો કિસ્સો છે. થોડા સમય અગાઉ જ કાર્યાલય અંદરથી ખડચિત્રો ઝડપાયો હતો. સર્પપ્રેમી અને યુવા ભાજપના અગ્રણીએ આ ઝેરી કોબ્રાને પકડીને જંગલ વિસ્તારમાં છોડી દીધો હતો.



કોબા નજીક સ્થિત પ્રદેશ ભાજપના કાર્યાલયના દરવાજા પાસે આજે સ્પેકટેકલ કોબ્રાએ દેખા દીધી હતી. બે દિવસ પહેલા પણ આ સાપ કાર્યાલયની અંદર જોવા મળ્યો હતો. જો કે થોડીવારમાં જ આ ઝેરી સાપ અદ્રશ્ય થઈ જતા આજે સાંજે ફરી કાર્યાલયના દરવાજા પાસે જોવા મળ્યો હતો. આ અંગે કાર્યાલય દ્વારા સર્પ પ્રેમી તેમજ ભાજપના યુવા અગ્રણી જિજ્ઞેશ જોષીને જાણ કરવામાં આવી હતી. તેમણે સ્થળ પર પહોંચીને ચશ્મેશાહી કોબ્રાને પકડી લીધો હતો. જયારે ઝડપાયેલા કોબ્રાને જંગલ વિસ્તારમાં છોડી દેવાયો હતો. જિજ્ઞેશ જોષી અનોખા જીવદયા પ્રેમી છે. સેકટરોમાં દેખા દેતા સાપને કોઈ ઈજા ન પહોંચાડે અને નાગરિકોની પણ સલામતી જળવાઈ રહે તે માટે છેલ્લા કેટલાક વર્ષોથી સરિસૃપને સલામત પકડવાની ઉમદા સેવા પુરી પાડે છે. થોડા સમય અગાઉ પણ ભાજપના કાર્યાલયમાંથી ખડચિત્રો પકડયો હતો. ભારતમાં દેખાતા ચાર પ્રકારના ઝેરી સાપ પૈકી ચશ્મેશાહી કોબ્રાનો પણ સમાવેશ થાય છે. હાલ વરસાદી ઋતુના અંતે બફારો વધતા સરીસૃપ પ્રાણીઓ રહેણાંક વિસ્તારમાં પણ વધુ જોવા મળે છે. જો કે હમણાં હમણાં સરિસૃપો માટે ભાજપનું કાર્યાલય હોટ ફેવરિટ બન્યુ હોવાનું સ્પષ્ટ થયુ છે.

## સે-૩-ન્યુ નવરાત્રી સમિતિ દ્વારા ૧લી ઓકટોબરે શોભાયાત્રા યોજાશે

નવરાત્રી મહોત્સવ નિમિત્તે નવરાત્રી સમિતિ સે-૩-ન્યુ દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. સમગ્ર શહેરમાં તા. ૧ થી ૯ ઓકટોબર દરમિયાન નવરાત્રી પર્વ ધામધૂમપૂર્વક યોજાશે. જે નિમિત્તે નવરાત્રી પર્વના પ્રથમ દિવસે સવારના ૯ કલાકે નવરાત્રી મહોત્સવ સમિતિના સહમંત્રી કમલેશભાઈ બારોટના નિવાસસ્થાન પ્લોટ નં. ૧૬૩/૧ ખાતેથી માતાજીની શોભાયાત્રાનું પ્રસ્થાન કરવામાં આવશે. આ શોભાયાત્રા સેકટરના મુખ્ય માર્ગો ઉપર ફરશે. જેનો નાગરિકોને લાભ લેવા જણાવાયું છે.

શોભાયાત્રાની અંતે સમિતિના ઉપપ્રમુખ કાંતિભાઈ પટેલના નિવાસસ્થાન પ્લોટ નં. ૨૦૫/૨ (આરટીઓ ચોક) સે-૩-ન્યુ ખાતે માતાજીનું સ્થાપન કરવામાં આવશે. ત્યારબાદ રાત્રિના ૮.૩૦ કલાકે આરતી કરવામાં આવશે. આરતી પુરી થયા બાદ ઉરી ખાતેના આતંકવાદી હુમલામાં શહીદ થયેલ ભારત માતાના ૧૯ વીર જવાનોને શ્રધ્ધાંજલિ આપવા માટે શ્રધ્ધાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. ત્યાર પછી રાત્રિના ૯ કલાકે બાળકોનો સનેડો અને રાસ ગરબાનો કાર્યક્રમ યોજાશે જેમાં ૪૦૦થી વધુ બાળકો સનેડો રમશે તેમજ દરરોજ રાત્રિના ૧૨ કલાકે કાર્યક્રમની પુર્ણાહુતિ કરવામાં આવશે.

આ ઉપરાંત આગામી તા. ૮ ઓકટોબરના રોજ દુર્ગાષ્ટમી નિમિત્તે ૧૦૦૧ દિવડાના અજવાળે માતાજીની મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૯ ઓકટોબરના રોજ નવરાત્રીના છેલ્લા દિવસે રાત્રે ૧૨ કલાકે સ્થાનફેર કરીને માતાજીને વળાવવામાં આવશે. આ તમામ કાર્યક્રમોનું માતાજીની શ્રધ્ધા અને ભાવપૂર્વક સાથે આરાધના કરવા તથા રાસ ગરબાની રમઝટ માણવા સમિતિના પ્રમુખ સંજય પટેલ અને બીપીન પરમાર દ્વારા જણાવાયું છે.

## બોરિજ ગામે ટીબી જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગરના શહેરી ગામ બોરિજ ખાતે જિલ્લા ક્ષય કેન્દ્ર દ્વારા ટીબી જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ગ્રામવાસીઓને ક્ષય રોગ અંગે જરુરી માર્ગદર્શન પુરું પાડવામાં આવ્યું હતું. આ સાથે ટીબીના નિદાન તથા સારવાર અંગે માહિતી પુરી પાડવામાં આવી હતી.

ટીબી એક ચેપી રોગ છે અને દિવસે ને દિવસે આ રોગ તેનો ફેલાવો વધારી રહ્યો છે. આ સંજોગોમાં ટીબીને અટકાવવા તથા તેની સંપૂર્ણ નાબૂદી



કરવા જનજાગૃતિની અત્યંત જરુરિયાત રહેલી છે. બોરિજ ખાતે યોજાયેલા ટીબી જાગૃતિ અંગે યોજાયેલા કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ગ્રામજનોને ઉપસ્થિત રહી માર્ગદર્શન પ્રાપ્ત કર્યું હતું. આ કાર્યક્રમમાં જિલ્લા ક્ષય કેન્દ્રના ડીપીપીએમસી કેયુર જયસ્વાલ, એસટીએસ તૃષ્ણા પટેલ અને ટીબીએચવી કુમાર રાઠોડે ઉપસ્થિત રહી ગ્રામજનોનું માર્ગદર્શન કર્યું હતું.

# ચિલોડા એસ.ટી. કન્ટ્રોલ પોઈન્ટનું નવીનીકરણ

## કોમ્પ્યુટરાઈઝ પાસ વ્યવસ્થા, શ્રેષ્ઠ બેઠક વ્યવસ્થા તથા સ્વચ્છતાને પ્રાધાન્ય અપાયું : ધારાસભ્યની ગ્રાન્ટનો ઉપયોગ

ગાંધીનગર, તા.૨૯

અમદાવાદ, ગાંધીનગર, દહેગામ તથા હિંમતનગરની ચારે તરફના કેન્દ્રબિંદુ બનેલા ચિલોડામાં એસ.ટી. કન્ટ્રોલ પોઈન્ટનું નવીનીકરણ બની લોકપયોગી થયું છે. જો કે દબાણોથી ઘેરાયેલા આ વિસ્તારમાં એસ.ટી. બસો માર્ગ ઉપર જ ઉભી રહેતા દિવસ દરમિયાન આ પોઈન્ટ મુસાફરો વગરનો જ રહે છે છતાં નવીનીકરણમાં આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરી સર્વોત્તમ સુવિધા પુરી પાડવાનો સરાહનીય પ્રયાસ થયો છે. વધુમાં આ કન્ટ્રોલ પોઈન્ટને વિકસિત કરવામાં ધારાસભ્યે પોતાની ગ્રાન્ટ ફાળવતા આવકારદાયક બન્યું છે.

ચિલોડા એ ગાંધીનગરનું પ્રવેશદ્વાર છે તેમજ ચોતરફ જવા આવવા આ કેન્દ્ર બિંદુ બનેલા સ્થળે અવશ્ય આવવું પડે તેવી સ્થિતિ છે જેથી સતત આવનજાવનથી ધમધમતા રહેતા આ મહત્વના સ્થળે સુવિધાઓ પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ નથી. પરંતુ ધારાસભ્ય શંભુજી ઠાકોરની ગ્રાન્ટમાંથી જરુરી સુવિધા સાથેનું ચિલોડા એસ.ટી. કન્ટ્રોલ પોઈન્ટ આકાર પામ્યું છે. દિલ્હી, રાજસ્થાન, અજમેર, મુંબઈ, અમદાવાદ, ગાંધીનગર, સૌરાષ્ટ્ર, દહેગામ, કપડવંજ, ડાકોર તરફ જવા ચિલોડા એ મુખ્ય સ્થળ ગણાય છે જેથી દિવસ-રાત મુસાફરો




અહીં પ્રતિક્ષામાં જ હોય છે.

આ મુસાફરોને પુછપરછ કે આરામ અથવા બેસવા માટે નવા બનેલા એસ.ટી. કન્ટ્રોલ પોઈન્ટમાં શ્રેષ્ઠ સુવિધા ઉભી કરાઈ છે. વિદ્યાર્થીઓ તથા મુસાફરો માટે કોમ્પ્યુટરાઈઝડ પાસ સિસ્ટમ અહીં વસાવાઈ છે. એલ્યુમિનિયમ સેકશન વિન્ડો, આગળના ભાગે બ્લોક પેવર, પાછળના ભાગે સ્ટેશનરી તેમજ અન્ય દસ્તાવેજો માટે સ્ટ્રોંગરૂમની વ્યવસ્થા, ફલોરિંગ તેમજ દરવાજા મુકી રખડતા ઢોરથી સલામતીની જોગવાઈ કરાઈ છે. વિદ્યાર્થી પાસની આવક પણ આ નવા કન્ટ્રોલ પોઈન્ટમાં વધી છે. દબાણોથી ખીચોખીચ ચિલોડાના આ પોઈન્ટ પાસે બસો ઉભી રહે તેવી માંગ મુસાફરોએ કરી છે જે માટે ડિવિઝન કન્ટ્રોલર એ.કે. પરમાર, ડેપો મેનેજર-જાગૃતિબેન તથા કન્ટ્રોલર રાજદિપસિંહ રાઠોડે સઘન પ્રયાસો હાથ ધરી આ સમસ્યાને દૂર કરવા કમર કસી છે.

## પુન્દ્રાસણ ગામમાં વિદેશી દારૂનાં અડ્ડા પર પોલીસનો દરોડો

ગાંધીનગર નજીક આવેલા પુન્દ્રાસણ ગામમાં ચાલતા વિદેશી દારૂના અડ્ડા પર ગઈ મોડી સાંજે પેથાપુર પોલીસે દરોડો પાડયો હતો. દારૂનો વેપલો કરતો બુટલેગર મળી આવ્યો ન હતો પરંતુ તેણે જે બીજા વ્યકિતનાં મકાનમાં દારૂ સંતાડયો હતો ત્યા સર્ચ કરીને પોલીસે દારૂ-બિયરનો જથ્થો શોધી કાઢીને મુદ્દામાલ જપ્ત કર્યો છે. પેથાપુર પોલીસે રૂ. ૨૬ હજારનો દારૂ બિયરનો મુદ્દામાલ જપ્ત કરીને બુટલેગરની ધરપકડ માટે તજવીજ શરૂ કરી છે.

પેથાપુર પોલીસમથકનાં પીએસઆઈ તથા તેમની ટીમે ચોક્કસ બાતમીને આધારે ગઈ મોડી સાંજે પુન્દ્રાસણ ગામમાં દરોડો પાડયો હતો. બુટલેગર ભુપત જવાન ઠાકોર વિદેશી દારૂનો વેપલો કરતો હોવાની બાતમી મળી હતી. પોલીસે દરોડો પાડયો ત્યારે બુટલેગર હાજર મળી આવ્યો ન હતો. ગામના હુડકા વિસ્તારમાં ચોગાજી ઠાકોરના મકાનમાં સર્ચ કરતા ભુપતે સંતાડેલો દારૂ બિયરનો જથ્થો મળી આવ્યો હતો. ચોગાજીના મકાનમાંથી રૂ.૧૨ હજારની કિંમતના ૧૨૦ બિયરના ટીન અને ૧૪,૪૦૦ ની કિંમતની ૩૬ નંગ વિદેશી દારૂની બોટલો મળી કુલ રૂ.૨૬,૪૦૦ નો દારુ બિયરનો જથ્થો મળી આવતા પોલીસે મુદ્દામાલ જપ્ત કરીને ભુપત સામે ગુનો દાખલ કરીને તેની ધરપકડ માટે તજવીજ શરૂ કરી છે.

## ચિરવિદાય

- સ્વ. પ્રજાપતિ ભલાભાઈ આશારામ, ઉ.વ. ૭૯
- સ્વ. ડૉ. બળદેવસિંહ મગનસિંહ વાઘેલા, ઉ.વ. ૬૯